સુરપુર પાટીયા પાસે મકાનમાંથી ૪૫ હજારની મત્તા ચોરાઈ

ઈડર, તા. ૩

ઈડર તાલુકાના સુરપુર પાટીયા પાસે આવેલ એક મકાનમાંથી મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી રૂ. ૨૫ હજાર રોકડ તથા રૂ. ૨૦ હજારનું એલઈડી ટીવી મળી રૂ. ૪૫ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ભાડાના મકાનમાં રહેતા સતારખાન આબીદખાન પઠાણે બુધવારે અજાણ્યા શખ્સોવિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

હિંમતનગર અને બાંડીયાના તળાવ પાસેથી ૪૮ હજારથી વધુનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના બાયપાસ રોડ પરથી તથા ખેડબ્રહ્મા તાલુકાના બાંડીયાના તળાવ ગામ પાસેથી બુધવારે પાસ પરમીટ વિના લઈ જવાતા રૂ. ૪૮ હજારથી વધુની કિંમતનો દારૂ અને બિયરનો જથ્થો સ્થાનિક પોલીસે ઝડપી લીધો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના બાયપાસ રોડ પરથી બુધવારે વહેલી સવારે કાર નં. જીજે.૦૧.આરએલ. ૬૮૪૦માં રૂ. ૩૩૬૦૦ની કિંમતનો દારૂ ભરીને જતા ડુંગરપુર જિલ્લાના જરયના ગામના ગંભીરસિંહ માધવસિંહ રાઠોડ, બીંછીવાડાના રાજુભાઈ મારવાડી અને અમદાવાદના લાલસિંહ કિશોરસિંહ રાઠોડને એ-ડિવીઝન પોલીસે ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની પાસેથી દારૂ અને બિયરનો જથ્થો કબજે લીધો હતો. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

એસીબીના ૩ અધિકારીઓ મોડાસા એ.આર.ટી.ઓ.માં પહોંચતા એજન્ટો તથા અધિકારીઓમાં દોડધામ

મોડાસા,તા. ૩

અરવલ્લીના મોડાસામાં આવેલી એ.આર.ટી.ઓ. કચેરીમાં અધિકારીઓની મીલીભગતથી ૬૨ જેટલા ગેરકાયદેસર એજન્ટોનો રાફડો ફાટી નિકળ્યો છે. જેના લીધે આમપ્રજા લુંટાઈ રહી છે. આ બાબતના સમાચાર પ્રસિદ્ધ થતાં જ એસીબીના ૩ જેટલા અધિકારીઓ ત્રાટક્યા હતા. જેને જોઈને ૬૨ એજન્ટોએ એસીબી વ્યવસ્થિત છટકુ ગોઠવી કર્મચારીઓને પકડે તેવી જનતાની માંગણી છે.

અરવલ્લીની મોડાસા એ.આર.ટી.ઓ. કચેરી રૂપિયા કમાવવાની ટંકશાળ બની ગઈ છે. અહી આરટીઓના અધિકારીઓની મિલિભગત તથા મહેરબાનીથી ૬૨ જેટલા એજન્ટો ગેરકાયદેસર એજન્ટ બની બેઠા છે. જેના લીધે માલપુર, મેઘરજ, બાયડ, મોડાસા, ભિલોડા જેવા દૂર-દૂરના તાલુકાની પ્રજા લાયસન્સ, પાસિંગ, ફીટનેસ એનઓસી

જેવા વિવિધ કામો કરાવવા એજન્ટોના હાથે લુંટાઈ રહી છે. એઆરટીઓમાં કોઈજ કાયદેસર લાયસન્સ ન હોવા છતાં બેગો, થેલા લઈ ફરતા જોલાછાપ ૬૨ એજન્ટો અધિકારીઓ સુધી જી (રોકડા રૂપિયાની લાંચને જી કહેવાય છે) પહોંચાડવાનું વચન આપીને પ્રજા પાસેથી નાણા ખંખેરી રહ્યા છે. એજન્ટો રોજની ૨૦ હજાર રૂપિયા 'જોલી' 'જી' લે છે તે સુધી એ.આર.ટી.ઓ. અધિકારીઓ ગુર્જર તથા મોટી સુધી પહોંચે છે કે કેમ ? તે કમિશનર કચેરી દ્વારા તપાસનો વિષય બને છે. જો ઉપરના બન્ને અધિકારી દૂધના ધોયેલા હોય તો ૬૨ એજન્ટો બંધ કેમ થઈ જતા નથી ? સરકારી રેકોર્ડ, ફોર્મ બિન્દાસ એજન્ટો કેવી રીતે જોઈ શકે ? તે બાબત એસીબી તથા કમિશનર કચેરી દ્વારા તપાસનો વિષય છે. આ બાબતે તપાસ કરી સત્ય બહાર લાવવામાં આવે તે જરૂરી છે.

નવાભગા ગામે કાર ઝાડ સાથે અથડાતા એકનુ મોત : એકને ઈજા

વિજયનગર, તા. ૩

વિજયનગર તાલુકાના નવાભગા ગામની સીમમાં મંગળવારે રાત્રે કારના ચાલકે કારને પુરઝડપે અને બેદરકારીથી હંકારી ઝાડ સાથે અથડાવતા કારમાં બેઠેલ ઈસમનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાલકને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ મથકના પી.એસ.ઓ. કાંતીભાઈ હોથાના જણાવ્યા અનુસાર અંદ્રોખા આશ્રમ ખાતે દાલબાટીનો વ્યવસાય કરતા નગીનભાઈ ખુમાજી રબારી મંગળવારે રાત્રે પોતાની કારમાં અંદ્રોખા ગામના શૈલેષકુમાર બચુભાઈ બરંડા સાથે પસાર થતા હતા. દરમિયાન નગીનભાઈએ કારને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ઝાડ સાથે અથડાવતા નગીનભાઈને ગંભીર ઈજા થઈ હતી.

જ્યારે કારમાં બેઠેલા શૈલેષકુમાર બરંડાનું ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જોકે ઈજાગ્રસ્ત ચાલક નગીનભાઈ રબારીને સારવાર અર્થે ઈડર દવાખાને ખસેડવામાં આવ્યો હતો. આ અંગે રણછોડભાઈ ખુમાજી રબારી (રહે. શ્રીનગર, ઈડર) એ કાર ચાલક નગીનભાઈ રબારી વિરૂદ્ધ વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંઠીયોલમાં હારેલા ઉમેદવારે વિજયી ઉમેદવાર પર હૂમલો કરતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

ઈડર, તા. ૩

ઈડર તાલુકાના ગાંઠીયોલની સીટ પર બુધવારે મતગણતરી દરમિયાન વિજયી બનેલા ઉમેદવાર પર હારેલા ઉમેદવાર તથા ૫૦થી વધુ લોકોએ અદાવત રાખી તેમના વિજય સરઘસ પર પથ્થર મારો કરી ત્રણથી વધુ લોકોને પાંચ જણાએ ઈજા પહોંચાડી હતી. જે અંગેની ફરિયાદ ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ઈડર તાલુકા પંચાયતની સીટ પર શિવાભાઈ નાથાભાઈ વણકરના પત્નિ રેખાબેન મતગણતરી દરમિયાન વિજયી બન્યા હતા. તો સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવાર વિરલકુમારી પ્રફુલભાઈ રાઠોડની હાર થઈ હતી. દરમિયાન ભાજપના વિજયી ઉમેદવારે વિજય સરઘસ કાઢ્યું હતું. જેમાં કોંગ્રેસના હારેલા ઉમેદવારના ૫૦થી વધુ લોકોએ અદાવત રાખી વિજય સરઘસમાં આવી રેલી અટકાવવા પ્રયાસો કર્યા હતા. તેમજ પાંચ પૈકી કેટલાક લોકોએ પથ્થરમારો કરતા વાહનોને નુકશાન થયું હતું. તથા ત્રણથી વધુ લોકોને ઈજા થઈ હતી. જેથી ભાજપના વિજયી ઉમેદવાર રેખાબેનના પતિ શિવાભાઈ નાથાભાઈ વણકરે પ્રફુલભાઈ વીરસંગભાઈ રાઠોડ, વિરલકુમારી રાઠોડ, વીરસંગભાઈ કુશાલભાઈ રાઠોડ, કૃણાલસિંહ વિક્રમસિંહ જેતાવત, બંસીલાલ હજારીજી વણઝારા તથા ૫૦ થી વધુના ટોળા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મામાં રંગીલા હનુમાનજીએ ભજન સત્સંગ

ખેડબ્રહ્માના શ્રી વાદેચોકમા આવેલા રંગીલા હનુમાનજીના મંદિરે સોમવાર રાત્રે રાજસ્થાન મિત્રમંડળ દ્વારા ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજસ્થાનના જોધપુરના કલાકારોએ ભજન સત્સંગ કર્યો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં રાજસ્થાની સમાજમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

વડગામમાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેનને શ્રદ્ધાંજલિ અપાઈ

વડગામ, તા. ૩

વડગામ તાલુકાના નાનાંસણા બેઠક પરથી કોંગ્રેસમાં તાલુકા પંચાયતની બેઠક પરથી ચૂંટાઈ આવેલા જીતેન્દ્રભાઈ અમરાભાઈ ચૌહાણનું યુવાન વયે ટુંકી માંદગી બાદ નિધન થતાં તેમના કુટુંબીજનોમાં તેમના નાના બે પુત્રો અને પત્નીને વિલાપ કરતા મુકીને ભગવાનને પ્યારા બની જતા તેમના કુટુંબીજનો પર આકસ્મિક આવી પડેલી આફતમાં ભગવાન તેમને હિંમત સાથે હૂંફ પુરી પાડે તેવી પ્રાર્થના સાથે વડગામ તાલુકા પંચાયતના હાલમાં વડગામ મત વિસ્તારના ધારાસભ્ય મણીલાલ વાઘેલા, વડગામ કોંગ્રેસના પ્રમુખ હબીબકાકા, વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ રફીકભાઈ પઠાણ, યુથ કોંગ્રેસના પ્રમુખ કલ્પેશ ચૌધરી, પૂર્વ

● અનુસંધાન પાના - ૭ પર

હિંમતનગર નગરપાલિકામાં ૩૫૫ મતદારોને ઉમેદવાર ગમતા નથી

હિંમતનગર, તા. ૩

હિંમતનગર નગરપાલિકાની ૩૬ બેઠકના જાહેર થયેલા પરિણામો પરથી જણાઈ આવ્યુ છે કે શહેરના ૩૫૫ મતદારોને ઉમેદવાર ગમ્યા નથી. તેથી તેમણે નાટોમાં મત આપ્યા છે. જેમાં સૌથી વધુ વોર્ડ નં. ૪ અને ૬માં ૪૯ મતદારો છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર પાલિકાના નવા સીમાંકન બાદ વોર્ડ અને વિસ્તારમાં થયેલા ફેરફાર અંતે ૯ વોર્ડ બનાવાયા છે. જોકે દરેક વોર્ડમાંથી ૪ ઉમેદવારો પસંદ કરવાના હતા. જે અંતર્ગત તા. ૨૯ નવેમ્બરે થયેલા મતદાનમાં મતદારોએ પોતાનો જનાદેશ ઈવીએમમાં બતાવી દીધો હતો. ત્યારબાદ બુધવારે થયેલી મતગણતરીમાં શહેરના મતદારોએ ભાજપને વધુ એક વખત તક આપીને ફરીથી સત્તા સ્થાને બેસાડ્યો છે. જેથી પાલિકાની ૩૬ બેઠકો પૈકી ભાજપને ૨૭, જ્યારે કોંગ્રેસને ૯ બેઠક ગઈ છે. તેમ છતાં વોર્ડ નં. ૪ અને વોર્ડ નં. ૬માં ભાજપ અને કોંગ્રેસના ઉભા રહેલા ઉમેદવારો તથા અન્ય પક્ષોને પસંદ કર્યા નથી. જેથી બંને વોર્ડના મળી ૯૮ મતદારોએ નાટોમાં મત આપ્યો છે. જોકે વોર્ડ નં. ૮માં ફક્ત ૨૬ મતદારોને ઉમેદવાર ગમ્યા નથી.

વોર્ડ નં. ૧માં ૪૪, ૨માં ૩૧, ૩માં ૨૮, ૪માં ૪૯, ૫માં ૪૮, ૬માં ૪૯, ૭માં ૩૮, ૮માં ૨૬ અને ૯માં ૪૨ નાટોના મત પડ્યા હતા.

બાયડમાં પશુઓની ખરીદી કરી છેતરપીંડી કરનાર બે શખ્સો સામે પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોથી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી મોટાપાયે કરી નાણા નહિ ચૂકવી છેતરપીંડી આચરવાના અનેક બનાવ બનતા જ હોય છે. ત્યારે બાયડ નગરમાં પશુપાલનનો વ્યવસાય કરતા પશુપાલકના તબેલામાંથી ૧૦ ગાયો ખરીદીને રૂપિયા ૫.૨૫ લાખ નહિ ચુકવીને છેતરપીંડી આચરનારા બે શખ્સો સામે બાયડ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે ખેડા જિલ્લાના વસો ગામના બે વ્યક્તિઓને ઝડપી લઈ ૧૦ ગાયોને ઈડર પાંજરા પોળ મોકલી આપી છે.

અરવલ્લી જિલ્લાના બાયડ નગરમાં ચોઈલા રોડ પર ગત તા. ૨૮ નવેમ્બરની રાત્રે ૯.૩૦ના અરસામાં ખેડા જિલ્લાના બે શખ્સો પશુપાલનનો વ્યવસાય કરતા તબેલા પર આવીને ૧૦ ગાયો પસંદ કરી હતી અને આ ગાયોની કિંમત ૫.૨૫ લાખ નક્કી કરીને ૧૦ ગાયો સાથે ૯ વાછરડા મળીને કુલ ૧૯ પશુઓને ચોઈલા ગામના એક વ્યક્તિની આઈસર ટ્રકમાં ભરીને ખેડા જિલ્લાના વસો ગામે લઈ જવાની તૈયારી કરી લીધી હતી. ૫.૨૫ લાખ રૂપિયા વસો ગામે આપવાનું જણાવતા તબેલાના ભાગીદાર પણ નાણા લેવા સાથે ગયા હતા પરંતુ આ બે શખ્સોએ નડીયાદ સંતરામ મંદિરથી ૫ કિમી દૂર અંધારામાં ગાયોને અન્ય વાહનોમાં સગેવગે કરી અલ્ટો કારમાં આ ઠગ પિતાપુત્ર નાણા ચૂકવ્યા વગર ફરાર થઈ ગયા હતા જે અંગે બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

બાયડના ચોઈલા રોડ પર પશુઓની લે-વેચ કરવાનો વ્યવસાય કરતા તબેલા માલિકને વિશ્વાસમાં લઈ ખેડા જિલ્લાના વસો ગામના દિનેશ ઉર્ફે બકોરભાઈ શાંતિલાલ પટેલ અને તેના પુત્ર વીકી દિનેશભાઈ પટેલે રૂપિયા ૫.૨૫ લાખની ગાયો અને વાછરડા ખરીદી લઈ આ બંને પિતા પુત્રએ રૂપિયા ચૂકવ્યા સિવાય ફરાર થઈ જતા બાયડ પોલીસ મથકે તબેલા માલિકે ફરિયાદ નોંધાવતા પોલીસે આ બંનેને ગણતરીના કલાકોમાં ઝડપી લઈ ૧૦ ગાયો અને ૯ વાછરડાને કબજે લઈ આ તમામ ગાય વાછરડાને પણ કબજે લઈને પશુઓને ઈડર પાંજરાપોળ ખાતે મોકલી આપ્યા છે. જ્યારે આરોપી આરોપીના પિતા પુત્રએ આવા કોઈ ગુના આચર્યા છે કે કેમ તેની વિગત મેળવવા કોર્ટ પાસે રિમાન્ડ માંગવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

બાયડના તબેલા માલિક સાથે રૂપિયા ૫.૨૫ લાખના ગાય-વાછરડાની ખરીદી કરી નાણા નહિ ચુકવનાર પિતાપુત્ર હાલ તો પોલીસ ગિરફમાં આવી ગયા છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને પકડી લેતા કેટલાક વધુ ગુનો બહાર આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ચિતરીયા પાસે બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતા એકનું મોત

વિજયનગર, તા. ૩

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામ પાસેથી ગરૂવારે બપોરે બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં વિજયનગર તાલુકા પંચાયતના પૂર્વ સદસ્યના પુત્રનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું છે. જે અંગે ચિઠોડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ચિતરીયા પાસેથી ગુરૂવારે બપોરના સુમારે થરાદથી ચિતરીયા જઈ રહેલી બસ નં. જીજે.૧૮.વાય. ૬૯૨૧ના ચાલકે બાઈક નં. જીજે. ૧. એફકે. ૨૮૮૫ને ટક્કર મારી હતી. જેના કારણે બાઈક પર જઈ રહેલ પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય લક્ષ્મીબેન ધોધરાના પુત્ર અજયભાઈને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજ્યું હતું. ઉપરાંત મૃતક અજયભાઈના પિતરાઈ ભાઈ જીતેશ ધુળાજી ધોધરાને ઈજા થતાંતેમને સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માતની ઘટના અંગે આનંદભાઈ શમ્મીકાન્ત ધોધરાએ બસના ચાલક વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ધાનેરા તાલુકાના શેરગઢ ગામે દીપડાએ યુવક પર હૂમલો કરતા યુવક ઘાયલ

ધાનેરા, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના શેરગઢ ગામે દીપડાએ યુવક પર હૂમલો કરતા યુવકને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પણ કલાકોનો સમય વીતવા છતાં ફોરેસ્ટ ખાતુ ઘટનાસ્થળે ન ફરકતા લોકોમાં ફોરેસ્ટ ખાતા સામે રોષ ઠાલવ્યો હતો.

ગયા વર્ષે પણ આજ સમયે દીપડાએ બનાસકાંઠા જિલ્લામાં આતંક મચાવ્યો હતો અને ફોરેસ્ટ અધિકારી સહીત ૧૦ જેટલા લોકોને ઘાયલ પણ કર્યા હતા. ત્યારે આ વક્ષે પણ ધાનેરા શેરગઢ ગામે દીપડો દેખાતા લોકોના ટોળે-ટોળા ભેગા થયા હતા અને ગભરાયેલા દીપડાએ

કલાકોનો સમય વીતવા છતાં ફોરેસ્ટ ખાતુ ન આવતા લોકો રોષે ભરાયા

લોકો પર હૂમલો કરતા શેરગઢ ગામના દિનેશભાઈ ઠાકોરને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ ધાનેરા પોલીસ અને ૧૦૮ને કરતા પોલીસ અને ૧૦૮ના પાયલોટ હરેશ દવે અને ઈ.એમ.ટી. ભગવાન દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ ફોરેસ્ટ ખાતાને જાણ કર્યાને કલાકોનો સમય વીતવા છતાં કોઈ અધિકારી ન આવતા લોકો રોષે ભરાયા હતા. તો બીજી તરફ એવું પણ સંભાળવા મળ્યુ હતું કે જિલ્લાનું ફોરેસ્ટ ખાતુ ફક્ત હમા મળે ત્યારે જાય છે. બાકી લોકોને મદદ કરવા નથી આવતુ અને જો હમા ન ખાતુ હોય તો જિલ્લામાં થતાં વૃક્ષ નિકંદન અટકાવે અને ઉભરાયેલી શૉ મિલ સામે કાર્યવાહી કરે.

મોડાસાના મરડીયા પાટીયા પાસે લકઝરીની અડફેટે સાયકલ ચાલકનું મોત

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્યધોરીમાર્ગપર આવેલા મરડીયા પાટીયા નજીક મંગળવારે રાત્રીના સમયે મરડીયા-મોટીઈસરોલ વચ્ચે દાલબાટીની હોટલ ચલાવતો યુવાન મરડીયા પાટીયા નજીક સાઈકલ પર પાણીની બોટલ લઈને પસાર થઈ રહ્યોહતો ત્યારે મોડાસા તરફથી આવતી લકઝરી બસના ચાલકેટક્કર મારી દેતા સાયકલ ચાલકનું ઘટનાસ્થળે પ્રાણપંખેરૂ ઉડી ગયુંહતું. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અહીથી પસાર થતા વાહનચાલકોની બેફિકરાઈ ભરી રીતે હંકારતા હોવાથી નિર્દોષ લોકોને અકસ્માતમાં જીવ ગુમાવવો પડતો હોવાથી આક્રોશ ફાટી નીકળ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે અકસ્માત સર્જી ફરાર લકઝરીબસ ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર પુષ્પાંજલી દાલબાટી સુરપુર ખાતે હોટલ ચલાવી જીવન નિર્વાહ કરતા રાજસ્થાની આધેડ લકઝરીની ટક્કરે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. સુરપુર નજીક હોટલ ચલાવતા નાથુસીંહ મીઠુસીંહ બોજ (રાજપુત) રહે. સુરપુર, મૂળ નારપુરા બોચકાડીયા, જી. અજમેર) રાજસ્થાનની મંગળવારે રાત્રીના સમયે સાયકલ પર પાણીની બોટલ લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે મોડાસા તરફથી આવતી લકઝરી બસ (આર. જે. ૧૨પી.એ. ૨૨૨૩)ના ચાલકેપુરઝડપે ગફલતભરી રીતેહંકારી સાયકલને ટક્કર મારી દીધી હતી. અને ટક્કર વાગતા સાયકલ ચાલક રોડ પર પટકાતા નાથુસીંહનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નોટા વિલન

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉપરના ઉમેદવારમાંથી એક પણ નહીની પસંદગી માટે નોટાનું બટનની સવલત મતદારોને આપવામાં આવી હતી. જેનો મતદારોએ કચકચાવીને ઉપયોગ કર્યો હતો. જેના કારણે ભાજપને જિલ્લા પંચાયતની બે સીટોનું નુકશાન થયું છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતની બે સીટો પર જીતની સરસાઈ કરતા નોટામાં મત વધુ હોય તેવું બન્યુ છે. જ્યારે તાલુકા પંચાયતની ચાર બેઠકોમાં નોટાના કારણે ભાજપ અને કોંગ્રેસને બે બે બેઠક ગુમાવવી પડી છે.

તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેનના પત્નીને નોટા નડ્યો

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઈવીએમ મશીનમાં પક્ષમાંથી લડતા ઉમેદવારોની નીચે નોટાનું બટન રાખવામાં આવ્યું છે અને હાઈકોર્ટ દ્વારા નોટાનું બટન ફરજીયાત રાખવાના નિર્દેષ આપવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદારોએ ભરપુર ઉપયોગ કર્યો છે. જેના કારણે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં બે બેઠકોનું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતની તાલુકાની બે બેઠકો ઉપર સરસાઈ કરતાં નોટાના મતો વધારે છે જેમાં પાટડીયાની સીટ ઉપર મતની સરસાઈ ૩૪૩ છે, જ્યારે નોટોને ૫૭૭ મત મળ્યા છે. ઉલ્લેખનીય છે કે પાટડીયા જિલ્લા પંચાયતની બેઠક ઉપર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભોજાભાઈ દુજાભાઈ મકવાણાને તાલુકા કોંગ્રેસના મહામંત્રી નેતાભાઈ સાજુભાઈએ હરાવ્યા છે. તેજ રીતે આગીયાની સીટ ઉપર સરસાઈ ૧૪૭ મતની છે જેની સામે મતદારોએ ૪૩૧ નોટાના બટનનો ઉપયોગ કર્યો છે. આ બેઠક ઉપર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન મુળજીભાઈ એચ. પટેલના પત્નિ લક્ષ્મીબેનને અપરિચિત ઉમેદવાર અનુબેન વી. પટેલે હરાવ્યા છે.

તાલુકા પંચાયતની સીટોમાં આગીયાની બેઠક ઉપર જીતની સરસાઈ ૪૯ મતની છે જ્યારે નોટાના મત ૧૧૨ છે. બહેડીયાની સીટ પર જીતની સરસાઈના મત ૮૭ છે જ્યારે નોટાના મત ૧૨૮ છે. બાંડીયાનું તળાવ સીટ પર જીતની સરસાઈ ૩૦ મતની છે જ્યારે નોટાના ૧૩૮ મત છે. તેજ રીતે કમનસીબી નાકાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારની છે જે માત્ર ત્રણ મતથી હાર્યા છે. જેમાં જીતની સરસાઈના મત ત્રણ છે જ્યારે નોટાના ૧૦૬ મત છે. આમ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને આગીયા અને નાકાની બેઠકો અને ભાજપને બહેડીયા અને બાંડીયાનું તળાવની એમ બે બેઠક નોટાના કારણે ગુમાવવી પડી છે. જિલ્લા પંચાયતની ગત ચૂંટણીમાં ખેડબ્રહ્મા તાલુકામાં ભાજપ પાસે ચાર પૈકી ત્રણ બેઠકો હતી જે આ ચૂંટણીમાં મતદારોએ કોંગ્રેસની જોલીમાં નાખી દીધી છે.